# ડીસા પાલિકાના વોર્ડ નં. ૨ ની પેટા ચૂંટણીમાં ભાજપ ઉમેદવારનો વિજય

ડીસા, તા. ૪

ડીસા નગરપાલિકાના વોર્ડ નં. ૨ ની યોજાયેલી પેટા ચૂંટણીની મત ગણતરી આજ રોજ સવારે ડીસા મામલતદાર કચેરી ખાતે યોજાઈ હતી જેમાં ભાજપનાં ઉમેદવારે તેમના નજીકના હરીફ એવા અપક્ષ ઉમેદવારને ૧૦૬૪ વોટની લીડથી હાર આપી હતી. જેનાથી ભાજપ છાવણીમાં ખુશી ફેલાઈ ગઈ હતી. અને વિજેતા ઉમેદવારનું વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું.

ડીસા નગરપાલિકાના વોર્ડ નં. ૨ની ખાલી પડેલ બેઠક માટે રવિવારે પેટા ચૂંટમઈ યોજાઈ હતી. જેમાં લગ્નની સિઝન તેમજ મતદારોમાં નિરૂત્સાહના કારણે ૪૧ ટકા મતદાન નોંધાવા પામ્યું હતું. જો કે, ભાજપના રમેશકુમાર માજીરાણા અને અપક્ષ ઉમેદવાર પિન્કેશ દોશીએ જીતના દાવા રજુ કર્યા હતા. આ અંગે આજરોજ ડીસા મામલતદાર કચેરી ખાતે સવારે ૮.૦૦ કલાકે નાયબ કલેક્ટર અને ચૂંટણી અધિકારી દિગંત બ્રહ્મભટ્ટની દેખરપેખ નીચે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૦.૩૦ કલાકે પરિણામ જાહેર થતાં ભાજપના રમેશકુમાર માજીરાણા તેમના હરીફ અપક્ષ ઉમેદવાર પિન્કેશ દોશી સામે ૧૦૬૪ વોટથી વિજેતા બન્યા હતા. આમ તાજેતરમાં પાલિકામાં વિશ્વાસનો મત મેળવવામાં સફળ થયેલ સત્તાધારી ભાજપે હાલની પેટા ચૂંટણીમાં પણ વિજય મેળવતા ૩૬ સભ્યોની પાલિકામાં ભાજપ મજબુત સ્થિતિમાં આવેલ છે આ સમગ્ર ચૂંટણીમાં જીતનું શ્રેય ભાજપનાં પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને તેમની ટીમની પ્રમાણિક કામગીરી તેમજ વોર્ડ નંબર ૨ ના ચૂંટણી ઈન્ચાર્જ મગનલાલ માળી તેમજ પાર્ટી કાર્યકરોને જાય છે કેમ કે તેમને ભાજપની જીત માટે ડોર ટુ ડોર પ્રયાસો હાથ ધરતા ભાજપે આ પેટા ચૂંટણીમાં વિજય. મેળવ્યો છે, તેવું વિજેતા ઉમેદવાર રમેશભાઈ રાણાએ જણાવી તમામનો આભાર માન્યો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## હિંમતનગરમાં વાલ્મિકી સમાજનો સન્માન સમારોહ યોજાશે

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા વાલ્મિકી સમાજ આયોજીત વડીલો, તેજસ્વી તારલાઓ અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સમાજના મહાનુભાવોનો સન્માન સમારોહ તા. ૯મી ફેબ્રુઆરીને ૨૦૧૪ને રવિવારના રોજ ૧૧.૩૦ કલાકે સહકાર હોલ મહાવીરનગર હિંમતનગર ખાતે યોજાશે.

આ સમારોહમાં મુખ્ય મહેમાન પદે સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયા, અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, સંત ડાહ્યારામજી, પી.કે. ગોહિલ અને કરશનભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

## સાબરકાંઠા કોર્ટના રજીસ્ટ્રારનો વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા સિવિલ કોર્ટમાં રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા એ.કે. મિસ્ત્રી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા સાબરકાંઠા જિલ્લા વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા સવિલ કોર્ટ હિંમતનગર ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

આ વિદાય સમારંભમાં નામદાર જિલ્લા ન્યાયાધીશ બી.એન. કારિયા, રજીસ્ટ્રાર બી.ટી.ચૌહાણ, ડે. રજીસ્ટ્રાર આઈ.એસ. મન્સુરી, એમ.એમ. પરમાર, એ.આર. કુંપાવત, કે.એસ. વણકર, પી.બી. પટેલ, પી.આર. ચંપાવત વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વયનિવૃત્ત થતા એ.કે. મિસ્ત્રીને ખૂબ જ ઉમળકાભેર અને હર્ષોલ્લાસથી વિદાય આપવામાં આવી હતી અંતે શાલ અને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

# ડીસામાં પાટીદારની એકતા રેલીને પ્રમુખ ડૉ. તેજલબેને આપી લીલી ઝંડી

ડીસા, તા. ૪

આજે વસંત પંચમીનાં દિવસે સમસ્ત પાટીદાર સમાજમાં એકતા અને સંગઠનની ભાવના મજબુત બને તેવા ઉમદા હેતુ સાથેની એક મોટર સાયકલ રેલીનું ડીસાથી મા ઉમિયાધામ ઊંઝા ખાતે પ્રસ્થાન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજનાં આગેવાનો જોડાતા આ રેલી શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ડીસામાં સમસ્ત પાટીદાર સમાજને એકસુત્રમાં બાંધી સંગઠન મજબુત કરી સમાજનાં ઉત્થાન અને વિકાસને વેગ આપવાની હાંકલ સાથે એક ધાર્મિક રેલીનું ડીસાથી મા ઉમિયા ધામ ઊંઝા ખાતે પ્રસ્થાનનો એક કાર્યક્રમ રખાયો હતો. આ રેલીનું આયોજન એસ.પી.જી.ગ્રુપ ડીસાના સમસ્ત પાટીદારો દ્વારા કરાયું હતું. જેમાં ડીસા પટેલ સોસાયટીમાંથી આ રેલી શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરતા અને મા ઉમિયાનો જયજયકાર કરતા ભારે આકર્ષણનું કેન્દ્ર બની હતી, જેમાં મોટી સંખ્યામાં હાજર પાટીદાર સમાજના રેલીમાં જોડાયેલા ભાવિકોને ડિસા પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ મહારેલીમાં ૨૫૦થી વધુ મોટર સાયકલ સવારોએ ભાગ લીધો હતો. જ્યારે એટલી જ સંખ્યામાં અન્ય વહન ચાલકો પણ આ રેલીમાં જોડાઈ મા ઉમિયા ધામ ઊંઝા તરફ પ્રયાણ કરતા સમગ્ર વાતાવરણ ધર્મમય બન્યું હતું.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# પ્રાંતિજના દલપુર ગામે દારૂની બદી સામે મહિલાઓએ મોરચો માંડ્યો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ગામે તા. ૩જી ફેબ્રુઆરીએ દારૂની બદીથી બરબાદ થઈ રહેલા પોતાના કુટુંબને બચાવવા ગામની મહિલાઓ દ્વારા ભવ્ય રેલી કાઢવામાં આવી હતી. આ પ્રેરણાદાયી રેલીમાં ગામના સરપંચ સહિત ગ્રામ પંચાયતના સભ્યોએ જોડાઈને દારૂના દાનવને ગામમાંથી તિલાંજલી આપવા નીકળેલી મહિલાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

દલપુર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂના સેવનનું પ્રમાણ ખુબ વધી ગયું હોવાથી આ પંથકના પરિવારો બરબાદીના પંથે જઈ રહ્યા છે. જેના કારણે આ પરિવારોની મહિલાઓ દુઃખી થઈ રહી છે. ગઈકાલે આ મહિલાઓએ આ દારૂના રાક્ષસ સામે હાર માનવાને બદલે ભારે ખમીરપૂર્વક હિંમત દર્શાવતા એક વિશાળ રેલી યોજી હતી. દારૂબંધીના કડક અમલ અને સમગ્ર પંથકમાં દારૂની બદી સદંતર નાથવા યોજાલે આ રેલીમાં ગામની મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઈ હતી. અને પોલીસ દ્વારા આ રેલીને રક્ષણ પણ આપવામાં આવ્યું હતું.

મહિલાઓની આ રેલીમાં દલપુર ગામના સરપંચ જસવંતસિંહ સોલંકી, ઉપ સરપંચ દિનેશભાઈ, તલાટી શૈલેષ પટેલ, પ્રાથમિક શાળાના કર્મચારી સવિતાબેન અને સુખદેવ પુરી ગોસ્વામી સહિતના શાળા પરિવારો પણ જોડાયા હતા. આ પંથકમાં ફેલાયેલી દારૂબંધી અંગે વારંવાર પોલીસખાતાના ઉચ્ચ અમલદારો સુધી રજૂઆતો કરવા છતાંદારૂબધીનોઅમલ ના થતા મહિલાઓએ આ પગલુ ભર્યુ હતુ. આ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન છતાં જો દેશી દારૂનું વેચાણ બંધ નહી થાય તો આવનારા દિવસોમાં દારૂની ભઠ્ઠીઓપર મહિલાઓએ એક જૂથ થઈને ત્રાટકવાનો નિર્ધાર પણ કરી લીધો છે.



કાંકરેજ તાલુકાના નગોર ગામે વસંતપંચમીના શુભ અવસરે મહાકાળી માતાજીના મંદિરે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં કાંકરેજ તાલુકાના ઠાકોર સમાજના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે હાજર તમામ ભાવિક ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.
(તસવીર : આશારામ રાવલ, શિહોરી)

# વસંત પંચમીએ ધનસુરામાં ૧૦૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા

ધનસુરા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં વસંતપંચમીના શુભમુહૂર્તે ઠેર-ઠેર સમૂહલગ્નોનું આયોજન થયું હતું.

અરવલ્લી જિલ્લામાં વસંતપંચમીના શુભ મુહૂર્તમાં ઘણી જ્ઞાતિઓના સમૂહલગ્નો યોજાઈ ગયા. જેમાં ધનસુરા ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત ધનસુરા પ્રેરિત યુવક મંડળ અને મહિલા મંડળ દ્વારા ૧૬મા સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન થયું હતું. જેમાં ૫૧ જેટલા જોડાઓએ ભાગ લીધો હતો. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે અમૃતભાઈ રામાણી, ઉદ્‌ઘાટક ઈશ્વરભાઈ ચટૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણીઓમાં ભૂવનેશ્વરી પરિવાર જયંતીભાઈ તથા ગંગોત્રી પરિવાર તેમજ ચંદ્રકાંતભાઈ લીંબાણી વિગેરે ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. આ સમારંભમાં ધનસુરા યુવક મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. તેવી જ રીતે અરવલ્લી જિલ્લા આંજણા (ચૌધરી) સમાજનો સમૂહલગ્નોત્સવ ભેંસાવાડા ખાતે યોજાઈ ગયો. જેમાં પણ ૫૦ જોડાઓ લગ્નગ્રંથીથી જોડાયા હોવાનું જાણવા મળેલ છે.



કેન્દ્રની યુપીએ સરકારના રાંધણગેસના સબસીડીવાળા બાટલાની સંખ્યામાં વધારો, સીએનજી-પીએનજીના ભાવમાં ઘટાડો તેમજ ક્રિકેટર સચીન તેંડુલકર અને પ્રો. રાવને ભારત રત્ન આપવા જેવા નિર્ણયોને આજે પાટણ વિધાનસભા યુથ કોંગ્રેસ દ્વારા શહેરના હીંગળા ચાચર ચોક ખાતે ફટાકડા ફોડી આવકારાયા હતા. આ પ્રસંગે યુથ કોંગ્રેસના પ્રમુખ ભાવિક રામી, શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કર, શહેર મહિલા પ્રમુખ અલકાબેન દરજી સહિત મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : ચેતન રામી, પાટણ)

# પાટણમાં વીરમાયા દેવની સ્મૃતિમાં માયા સાતમની ભવ્ય ઉજવણીનું આયોજન

પાટણ, તા. ૪

સમગ્ર ગુજરાતના દલિત સમાજ દ્વારા મહાસુદ-૭ને માયા સાતમ તરીકે પ્રાચીન સમયથી પરંપરાગત રીતે માયાદેવની પૂજા અર્ચના સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ પાટણમાં આવેલ રાણકી વાવ અને સહસ્ત્રલીંગ સરોવર પાસે આવેલ માયા ટેકરી ખાતે ભવ્ય ઉજવણીનું આયોજન કરાયું છે.

વિક્રમ સંવત ૧૧૯૪ની મહાસુદ સાતમે વણકર વીર વીરમાયાએ લાખો માનવો અને પશુ-પંખીઓની તૃષા છીપાવવા સતી જશમાના શ્રાપનું નિવારણ કરવા પાટણના સહસ્ત્રલીંગ તળાવમાં પોતાનું બલિદાન આપ્યું હતું. આ ઘટનાની યાદમાં પોણા નવસો વર્ષથી વણકર દલિત સમાજ મંદિરે જઈ પૂજા અર્ચના કરે છે. તેમજ દલિત મહા માનવ વીરમાયાની પાલખી કાઢી શહેરમાં નગરયાત્રા કાઢવામાં આવે છે.

ચાલુ વર્ષે પણ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ગુરૂવારે માયાસાતમ નિમિત્તે ગુજરાતભરમાંથી ભાવિકજનો મોટી સંખ્યામાં માયાદેવની વંદના માટે પધારશે. આ સમારોહમાં વીરમાયા સ્મારક સમિતિના પ્રમુખ અને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન નિવૃત્ત આઈએએસ ઝવેરભાઈ ચાવડા અને પાટણ જિલ્લા કલેક્ટર જે.બી. વોરા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. આ સમારોહમાં પાટણના ધારાસભ્ય રમછોડ રબારી સહિત રાજકીય આગેવાનો તેમની હાજરી આપશે.

# ન્યૂ વલ્લભ વિદ્યાનગરના ૧૪મા સ્થાપના દિનની ઉજવણી સંપન્ન

વલ્લભ વિદ્યાનગર, તા. ૪


ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલે ૧૪ વર્ષ પહેલાં વસંતપંચમીના દિવસે બીએપીએસના સદ્‌ગુરુ સંતશ્રી મહંત સ્વામી અને આણંદ મંદિરના કોઠારી શ્રી ભગવતચરણ સ્વામી સાથે મળીને કરેલા ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના માટેના ભૂમિપૂજનનું ભાવસભર સ્મરણ ૧૪મા સ્થાપના દિવસે કર્યુ હતું. પોતાના આધ્યાત્મિક ગુરુ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પૂર્વસૂરિઓ પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલ સાહેબનું પુણ્યસ્મરણ કરીને સીવીએમના અધ્યક્ષ અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્મા ડૉ.પટેલે ગુજરાતના સૌથી મોટા શિક્ષણ સંકુલના શિક્ષણ યજ્ઞને આગળ ધપાવવાનો જાહેર સંકલ્પ કર્યો હતો.

વસંતપંચમી નિમિત્તે મંગળવારે એડીઆઈટી એન્જિનિયરિંગ કોલેજના આચાર્ય ડૉ.આર.કે.જૈનના યજમાનપદે યોજાયેલા સમારંભમાં ડૉ.પટેલ ઉપરાંત સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ અને પૂર્વ માનદ સહમંત્રી ડૉ.રમેશ ત્રિવેદી અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત શિક્ષણ સંસ્થાઓના આચાર્યો ઉપસ્થિત હતા.



અત્યારે ન્યૂ વલ્લભ વિદ્યાનગર શિક્ષણસંકુલના લગભગ ૧૦૦ એકર જેટલા વિસ્તારમાં ચારુતર વિદ્યામંડળસંચાલિત ૧૧ જેટલી શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. ૨૦ એપ્રિલ ૨૦૦૦ના રોજ વસંતપંચમીના દિવસે ભૂમિપૂજનથી આરંભાયેલા આ સંકુલ માટે કરમસદ,ગાના અને મોગરીના ખેડૂતોની જમીનો જે તે વખતના બજારભાવે પ્રાપ્ત કરવામાં આવી હતી અને સીવીએમના અધ્યક્ષની દીર્ઘદષ્ટિના પ્રતાપે જમીન આપનાર ખેડૂતોના વારસદારોને સીવીએમમાં કાયમી નોકરીમાં રાખવામાં આવ્યા છે. મોટાપ્રમાણમાં જમીન આપનાર પરિવારમાંથી તો બે-ત્રણ જણાને કાયમી નોકરીમાં રખાયા છે.

ચારુતર વિદ્યામંડળની ૧૯૪૫માં સ્થાપના કરીને ચરોતરની આ ધરતી ઉપર શિક્ષણ યજ્ઞની ધૂણી ધખાવનાર પૂ.ભાઈકાકા અને પૂ.ભીખાભાઈ સાહેબે સ્થાપેલા વલ્લભ વિદ્યાનગરમાં તેમના અને એચ.એમ.પટેલ સાહેબના નેતૃત્વમાં સ્થપાયેલી શિક્ષણસંસ્થાઓ અને ૧૯૯૪થી ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષપદ હેઠળ નવી સ્થપાયેલ સંસ્થાઓ માટે વલ્લભ વિદ્યાનગરમાં જરૂરી જમીનના પ્લોટ ઉપલબ્ધ નહીં રહેવાને કારણે વર્ષ ૨૦૦૦માં વિઠ્ઠલ ઉદ્યોગનગરની પાછળ કરમસદ, ગાના અને મોગરીના ત્રિભેટે નવી શિક્ષણ વસાહત સ્થાપવાનું જરૂરી બન્યું હતું. અત્યારે શિક્ષણ અને સંશોધનની સંસ્થાઓથી આ સંકુલ ધમધમી રહ્યું છે અને જો વધુ જમીન પ્રાપ્ત કરી શકાય તો વધુ અત્યાધુનિક શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો સંકલ્પ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી. એલ.પટેલે કર્યો છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામના ઈન્ડિયા વિઝન ૨૦૨૦થી -રિત યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ, ઈડર બાળકોનું જવાબદાર નાગરિક તરીકેની ઘડતર માટે સનિષ્ઠ -યત્નો કરી રહી છે. હાલમાં આઘડતર માટે જમવાનો બગાડ અટકાવવાનો વિશિષ્ઠ સેવાયજ્ઞ યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ, ઈડરદ્વારા શરુ થયો છે. વૈશ્વિક રીસર્ચ -માણે ત્રીજા ભાગનું અનાજ વેડફ્રાય છે. અનાજનો સદુઉપયોગ કરવામાં આવેતો વિશ્વમાં ભૂખમરાનીસમસ્યા હલ થઈ જાય. રોટરી ક્લબ, યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાનન્યાસ અનેનુઝીવીડી સીડ્‌સના સંયુક્ત ઉપક્રમે જમવાનો બગાડ અટકાવવાનો આ સેવાયજ્ઞ શરુ થયો છે. તારક મહેતાકા ઉલટા ચશ્માના નટુકાકા (ઘનશ્યામભાઈ નાયક) ના હસ્તે આ સેવાયજ્ઞ ની શરૂઆત થઈ છે. આ સેવાયજ્ઞમાં જાહેર સમારંભોમાં જઈ જમવાનો બગાડ અટકાવવા બેનર્સ, માઈક ઉપર જાહેરાતો, વ્યક્તિગત સંવાદ , તથા અન્નનો બગાડ ન કરવા માટે વખાણ તથા બગાડ કરનારને ન કરવા વિનંતી કરતા કાર્ડસ દ્વારા યુનિક-યુ ના બાળકો -યત્નો કરશે. Be the Change- બદલાવની શરૂઆત તમારાથી કરો ના સંદેશ સાથે ડીશમાં એક પણ દાણો ન બગાડવાની -તિજ્ઞા સાથે દરેક વ્યક્તિને આ સેવાયજ્ઞમાં જોડવામાં આવશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન